# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJ WEATHER

રાજ્યના કેટલાક ભાગોમાં આજે ભારે વરસાદની આગાહી છે. જેમાં દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ તેમજ દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે. આ ઉપરાંત બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદવાદ, આણંદ, પંચમહાલ, મહિસાગર, વડોદરા, ભરૂચ તેમજ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર તેમજ બોટાદમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે.

આગામી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જ્યારે કેટલાંક ભાગોમાં 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અન ગાજવીજ વરસાદની શક્યતા છે.

અમરેલી જિલ્લામાં આજે વહેલી સવારે વરસાદ વરસ્યો હતો. જાફરાબાદ શહેરમાં અડધો કલાક સુધી ધોધમાર વરસાદ પડતાં શહેરનાં મુખ્ય બજારોમાં પાણી ફરી ફરી વળ્યા હતા. દરિયાકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો, જેમાં રાજુલા અને જાફરાબાદ પંથકના કોવાયા, ભાકોદર, ચોત્રા, વરાહસ્વરૂપ, બાબરકોટ, મિતિયાળા, વઢેરાનો સમાવેશ થાય છે.

ગાંધીનગરના રાજ્ય આપાતકાલીન સંચાલન કેન્દ્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા દરમિયાન 12 તાલુકામાં વરસાદ નોંધાયો. આમાં સૌથી વધારે સવા એક ઈંચ વરસાદ સુરતના ઓલપાડ તાલુકામાં વરસ્યો. જ્યારે ભાવનગરના તળાજા, અમરેલીના જાફરાબાદ અને ગીરસોમનાથના ઊના તાલુકામાં એક ઈંચ વરસાદ નોંધાયો. આણંદના ખંભાત તાલુકામાં અડધો ઈંચ વરસાદ જ્યારે અન્ય સાત તાલુકામાં અડધા ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

# Rashtriya Matsy Khedut Divas

આવતી કાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આણંદ ખાતે અને 11મી જૂલાઈના રોજ ઉકાઈ ખાતે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ ઊજવવામાં આવશે. આ ઉજવણી દરમિયાન વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે, જેમાં ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંબંધિત આધુનિક ટેક્નોલોજી અંગે માછીમારોને જાણકારી આપવામાં આવશે.

જળચર ઉછેરના વ્યવસાય સાથે સંકળાયેલી દરેક વ્યક્તિને સહકાર અને સહયોગ પ્રદર્શિત કરવા માટે ભારતમાં દર વર્ષે 10 જૂલાઈના રોજ રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવે છે.

રાજ્યમાં મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા અને માછીમારોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે વિવિધ પ્રોત્સાહક પગલાંઓ અને નીતિઓ અમલમાં મૂક્યા છે.

દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા સ્થાન પર છે. છેલ્લા 4 વર્ષમાં ગુજરાતમાં સરેરાશ વાર્ષિક 8.38 લાખ મૅટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન થયું છે.

ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશમાં બીજા સ્થાને છે, જ્યારે અન્ય તમામ પ્રકારના સ્ત્રોતોમાંથી થતા કુલ મત્સ્ય ઉત્પાદનમાં દેશમાં પાંચમા સ્થાન પર છે.

# MEHSANA WATER SHED YOJANA

મહેસાણા જિલ્લાની રૂપેણ નદીમાં સિરીઝ ઑફ ચેકડેમથી નદીને પુનઃજીવિત કરવાની કામગીરી ચાલી રહી છે. તાજેતરમાં જ વરસાદી પાણીના હાર્વેસ્ટિંગ સ્ટેશનની મુલાકાત ભારત સરકારના કેન્દ્રીય સચિવ લોચન મહેરાએ મુલાકાત લીધી હતી. સાથે અટલ ભુજલ યોજના દ્વારા બનાવવામાં આવેલ પ્રિઝો

મીટરની રૂબરૂ સ્થળ મુલાકાત અને  કામગીરીથી તેઓ પ્રભાવિત થયા હતા. જિલ્લામાં જળશકિત અભિયાન 2024 અંતર્ગત  થયેલા કામોની  સમીક્ષા બેઠક પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેરાલુ તાલુકાના વરેઠા અને અરઠી સહિતના વિસ્તારમાં વૉટર શેડ યોજના અંતર્ગત નદીને પુનઃજીવિત કરવાનું કામગીરી ચાલી રહ્યું છે.

## Gujarat Govt.-Intel partnership

રાજ્યના સાયન્સ અને ટેકનોલૉજી વિભાગ તથા ઇન્ટેલ કોર્પોરેશન વચ્ચે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ રેડિનેસ અંગે ગાંધીનગર ખાતે ભાગીદારી કરાર થયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ભાગીદારીથી ડિજિટલ અર્થતંત્રમાં નવીનીકરણ અને રોકાણનું કેન્દ્ર બનવાનાં ગુજરાતનાં પ્રયત્નોને વેગ મળશે.

સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે આ ભાગીદારીથી  રાજ્યમાં કુશળ કર્મચારીઓને પ્રોત્સાહન આપવા અને ટેકનોલોજીને આગળ ધપાવવામાં આ પહેલને મહત્વપૂર્ણ ગણાવી હતી.

## Rajkot Illegal construction

રાજકોટનાં પૂર્વ વિસ્તારમાં આવેલી સરકારી ખરાબાની જમીન પૈકીની શ્રી સરકાર થયેલી  કુલ ૨૨,૫૬૧ ચોરસ મીટર જમીન પર થયેલા ગેરકાયદે બાંધકામ દૂર કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ગેરકાયદે બાંધકામ કરાયેલા 15 કોમર્શિયલ બાંધકામોનું ડેમોલિશન કરીને જગ્યાઓને દબાણ મુક્ત કરવામાં આવી રહી છે. અંદાજિત ૫૦ કરોડ રૂપિયાની ૨૨,૫૬૧ ચોરસ મીટર સરકારી જમીન ખાલી કરાવવામાં આવી છે.

આ અંગે રાજકોટ (પૂર્વ)ના મામલતદાર એસ. જે. ચાવડા એ કહ્યું કે, આ જગ્યાના દબાણકર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અનઅધિકૃત

કબ્જો ખાલી કરવા ૭ દિવસનો સમય આપવામાં આવ્યો હતો પરંતુ તેઓએ ધ્યાને ન લેતા ગેરકાયદે થયેલા બાંધકામોને ખાલી કરવા ડેમોલીશન હાથ ધરવામાં આવ્યું છે.